| Innovation ID | DTP0010000002776 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | જીરા(Cuminum cyminum)નો ફાલ વધારવા માટે |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok (૫) ૧, Jan-Feb-૨૦૦૦, Pg No. ૭ |
| Brief | જીરા(Cuminum cyminum)નો ફાલ વધારવા માટે છાશની આશનો ઉપયોગ |
| Detail | ઓછા ખર્ચે વધુ નફો રળી આપતા જીરાનો ફાલ વધુ બેસે તેવી તરકીબ જાણવામાં કયા ખેડૂતને રસ ન હોય !<br>જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના વસંતપુર ગામના મોહનભાઈ શામળભાઈ ખાંટ જીરા(Cuminum cyminum)નું ઉત્પાદન વધારવા માટે છાશની આશનો ઉપયોગ કરે છે. ૧૦ લીટરના વાસણમાં છાશની આશ સાથે પાણી ભેળવવું, ત્યાર બાદ વાસણમાં ફરીથી જે આશ ઠરે તેને પંપમાં ભરવી. જીરાના વાવેતર બાદ ૪૦થી ૪૫ દિવસે ફૂલ આવવાની શરૂઆત થાય તે પહેલા આ આશનો પાક પર છંટકાવ કરવો. એક વિઘાના ખેતરમાં ૩ થી ૪ પંપ આ દ્રાવણનો છંટકાવ કરવામાં આવે છે.<br><br>મોહનભાઈના જણાવ્યા અનુસાર અઠવાડિયામાં આ દ્રાવણની અસર થતાં છોડ પર ફાલનું પ્રમાણ વધે અને દાણા પણ જાડા જોવા મળે છે.<br>કોઈ પણ પ્રકારની આડઅસર ન ધરાવતી આ પદ્ધતિનો ખેડૂત ચાર વર્ષથી ઉપયોગ કરે છે.<br><br>આ પદ્ધતિમાં અન્ય વસ્તુઓનો ઉપયોગ ન થતો હોવાથી આર્થિક ખર્ચ નહિવત થાય છે.<br><br>અન્ય જાણકાર વ્યક્તિના નામ<br>- બાવનજીભાઈ ગોપાલદાસ ભુવા, મુ. વસંતપુર, તા. જામજોધપુર, જિ. જામનગર<br>૨. રવજીભાઈ પટેલ<br>૩. મનસુખભાઈ પટેલ<br><br>(સંદર્ભ - જીરામાં કાળીયાનો રોગ, લોકસરવાણી વર્ષ-૩, અંકઃ૬, પાન ૪ અને વર્ષઃ ૨, અંકઃ૬, પાન ૪)<br><br>(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. વિપુલ વાસને તા. ૧૨-૦૭-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | છાશની આશ |
| IPR Status | |
| Keywords | છાશ, આશ, જીરા, Cuminum cyminum, ફાલ, વાસણ, લિટર |

Member ID DTP००१००००००००८५६ Member Type Scout

First Name મહેશ Middle Name કે. Last Name પરમાર

Profession Designation

Address 1

Village મું.પો. કુડોલ Taluka મોડાસા

District Sabarkantha State Gujarat Country India

Biography

Member ID DTP००१०००००००११८३ Member Type Innovator

First Name મોહનભાઈ Middle Name શામળભાઈ Last Name ખાંટ (ખાડ)

Profession ખેતી Designation ખેડૂત

Address 1

Village મુ. વસંતપુર Taluka જામજોધપુર

District Jamnagar State Gujarat Country India

Biography ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેઓની ઉમર ૫૫ વર્ષની છે. તેઓ પોતે ચાર ધોરણ પાસ છે. રહેવા માટે પાકુ બે માળનું મકાન ધરાવે છે. ઘરની આર્થિક પરિસ્થિતી સારી છે. તેમની પાસે ૩૦ વિઘા જમીન છે. તેમજ ઘર આંગણે અનાજ દળવાની ઘંટી છે અને પોતે વેલ્ડીંગની દુકાન પણ ધરાવે છે. જ્યાં તેઓ ખેત ઓજારો રીપેરીંગ અને વેલ્ડીંગ કામનો વ્યવસાય કરે છે. એક ગાયને બે બળદ ધરાવે છે. પરિવારમાં બે છોકરાઓ છે. જે ખેતીકામમાં મદદ કરે છે. ત્રણ છોકરીઓ સાસરે છે. તેઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. ખેતી અને પશુપાલનમાં રસ ધરાવે છે. મગફળી, કપાસ, ચણા, તુવેર વગેરે જેવા પાકોનું વાવેતર કરે છે. જમીનપર કુવો છે. ચોમાસુ ઉપરાંત ઉનાળુ અને શિયાળુ પાકો પણ પાણી હોય ત્યારે વાવેતર કરે છે.

ગામનો પરિચય-

વસંતપુર ગામ જામજોધપુર તાલુકાથી ૬ કિમીના અંતરે આવેલું છે. જામનગરથી ૬૨ કિમીનું અંતર ધરાવે છે. જામજોધપુરથી એસટી બસો અને ખાનગી રીક્ષાઓ વસંતપુર જવા માટે મળી રહે છે. ગામની વસ્તી ૧૨૦૦ની છે. જેમાં ૩૦૦ જેટલા મકાનો આવેલા છે. મોટી વસ્તી કડવા પાટીદાર (પટેલ) લોકોની છે. જ્યારે અન્ય દરજી, વાણંદ, વણકર, કોળી, દરબાર વગેરે જ્ઞાતિના લોકો વસે છે. ગામમાં ૧થી ૧૦ ધોરણ સુધીની નિશાળ આવેલી છે. મોટા ભાગના લોકો પાકા મકાનોમાં તેમજ ૪૦ ટકા જેટલા કાચા નળીયાવાળા મકાનોમાં રહે છે. ગામમાં પોસ્ટ ઓફિસ, ગ્રામપંચાયત, ઘર, રામજી મંદિર, શંકરમંદિર આવેલું છે. મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલનનો વ્યવસાય સાથે સંકળાયેલા છે. ખેડૂતો મગફળી, ઘઉ, કપાસ, તલ, બાજરી જેવા પાકો વધારે પ્રમાણમાં વાવે છે. ગામમાં રસ્તાઓ પાકા છે. ગામમાં અન્ય અનાજકરીયાણાની દુકાનો, પાનની દુકાનો, સાયકલ સ્ટોર, ગેરેજ સ્ટોર વગેરે સુવિધાઓ છે. લીમડો, આશોપાલવ, બાવડ, પીપર, વડ, બદામ, ઈક્કળ, હાથલો થોર વગેરે વૃક્ષો ગામમાં જોવા મળે છે. એકંદરે ગામની પરિસ્થિતિ સારી છે.

Member ID DTP००१००००००६२७४ Member Type Verifier

First Name વિપુલ Middle Name વી. Last Name વાસન

Profession Designation

Address 1 શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા

Village જૂનાગઢ Taluka જૂનાગઢ

District Junagadh State Gujarat Country India

Biography